પ્રેસ પ્રકાશન
ભારતીય રિઝર્વ બેંક
સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001
વેબસાઇટ : www.rbi.org.in
ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358
ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

28 જૂન 2016

**ભારતીય રિઝર્વ બેંક સાર્વજનિક લેણદેણો માટે 1 જુલાઈ 2016 ના રોજ કાર્ય કરશે**

સમીક્ષા કરવા પર અને બજારની લેણદેણોના સમાધાનની સુવિધા માટે તથા સામાન્ય જનતાની લેણદેણોમાં સહાયતા પ્રદાન કરવાના હેતુથી ભારતીય રિઝર્વ બેંકે નિર્ણય લીધો છે કે રિઝર્વ બેંક 1 જુલાઈ 2016 ના રોજ સાર્વજનિક લેણદેણો માટે ખુલ્લી રહેશે. સામાન્ય રીતે, રિઝર્વ બેંક તેના વાર્ષિક હિસાબી સમાપનને કારણે 1 જુલાઈ ના રોજ સાર્વજનિક લેણદેણો માટે બંધ રહેતી હોય છે. રિઝર્વ બેંકનું હિસાબી વર્ષ જુલાઈ થી જૂન સુધીનું હોય છે.

તેમ છતાં, 1 જુલાઈ 2016ના રોજ તેના હિસાબી ચોપડાઓના વાર્ષિક સમાપનને ધ્યાનમાં રાખતા –

i) સેવાઓ જેવી કે, આરટીજીએસ/એનઈએફટી, ભંડોળનું હસ્તાંતરણ અને જામીનગીરીઓનું સમાધાન વિગેરે સવારે 11.00 વાગ્યાથી ઉપલબ્ધ રહેશે;

ii) બધા જ લેણદેણોના માટે ભંડોળો અને જામીનગીરીઓનું સમાધાન જે ટી+0 ના આધાર પર થાય છે, તે સવારે 11.00 વાગ્યાથી શરૂ થશે;

iii) રિઝર્વ બેંકની ચલનિધિ સમાયોજન સુવિધા (liquidity adjustment facility – LAF- એલએએફ) / સીમાંત સ્થાયી સુવિધા (Marginal Standing Facility – MSF – એમએસએફ) ના અંતર્ગત બધી બાકી લેણદેણોના પ્રત્યાવર્તન માટે સમાધાન તે દિવસે સવારે 11.00 વાગે થશે;

iv) એલએએફ રેપો વિંડો સવારે 11.30 વાગ્યાથી 3.00 વાગ્યા સુધી પરિચાલિત રહેશે; અને

v) 14 દિવસીય સાવધિ રેપો હરાજી વિંડો બપોરે 12.30 થી 1.00 વાગ્યા સુધી પરિચાલીત રહેશે.

**અલ્પના કિલ્લાવાલા**
પ્રધાન પરામર્શદાતા

**પ્રેસ પ્રકાશન : 2015-2016/3028**